# બે દિવસમાં ૪૩૩ કરોડ પ્રોપર્ટી ટેક્સ વસૂલ્યો પાલિકાએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રોપર્ટી ટેક્સ જમા કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં પાલિકા દ્વારા ૩૦ અને ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના ફક્ત બે દિવસમાં ૪૩૩ કરોડ રૂપિયા નાગરિકો પાસેથી વસૂલ કરવામાં સફળ રહી છે. એ સાથે જ પહેલી એપ્રિલથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪માં કુલ પ્રોપર્ટી ટેક્સની રકમ ૫,૮૪૭ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

જોકે આ રકમમાં અગાઉના નાણાકીય વર્ષના ૧,૬૬૦ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે, કારણકે અગાઉના નાણાકીય વર્ષની પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાની મુદત ૨૫ મે, ૨૦૨૪ સુધી વધારવામાં આવી હતી. તો ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં ૩,૧૯૫ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા.

પ્રોપર્ટી ટેક્સની ગણતરીમાં નવી પદ્ધતિઓ સાથે જોડાયેલી કાયદાકીય જટિલતાઓને કારણે ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં ૬,૦૦૦ કરોડ રૂપિયાનું લક્ષ્યાંક હોવા છતાં આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. લગભગ ૧,૩૦૫ કરોડ રૂપિયા ઓછા જમા થયા હતા.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ મુખ્યત્વે પ્રોપર્ટી ટેક્સના બિલ ફેબ્રુઆરી, ૨૦૨૪માં મોડેથી મોકલવામાં આવ્યા હતા, તેને કારણે બાદમાં પાલિકાને પ્રોપર્ટી ટેક્સ વસૂલી માટે ૨૫ મે, ૨૦૨૫ સુધીની મુદત લંબાવી પડી હતી. તેમ જ નાગરિકો પાસેથી લેટ ફી પણ વસૂલ કરવામાં આવી નહોતી.

જોકે ગયા વર્ષના અનુભવ બાદ ચાલુ નાણાકીય વર્ષમાં શરૂઆતથી જ મોટા ડિફોલ્ટરોને પર પાલિકાએ પોતાના રડારમાં લીધા હતા.

ચાલુ નાણાકીય વર્ષમાં ડિસેમ્બર અંત સુધીમાં નાગરિકો પોતાનો ટેક્સ ભરી શકે તે માટે પાલિકાએ પાલિકા મુખ્યાલયની સાથે જ તમામ વોર્ડ ઓફિસ પર સુવિધા કેન્દ્રો રાતના મોડે સુધી ચાલુ રાખ્યા હતા, જેથી લોકો પોતાનો ટેક્સ ભરી શકે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અધિકારી અને કર્મચારીઓની જહેમતને પગલે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધી પાંચ હજાર ૮૪૭ કરોડ ૬૮ લાખ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ જમા કરવામાં સફળતા મળી છે. ૩૧ માર્ચ, ૨૦૨૫માં સુધીમાં અમારો લગભગ ૬,૨૦૦ કરોડ રૂપિયાનો લક્ષ્યાંક પૂરો કરવાનો અમારો પ્રયાસ રહેશે.

નોંધનીય છે કે મુંબઈ મહાનગરપાલિકાની હદમાં નવ લાખથી વધુ પ્રોપર્ટી આવેલી છે, જેની પાસેથી પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવામાં આવે છે. જોકે તાજેતરના વર્ષોમાં પાલિકાની આવકમાં મોટો ઘટાડો થયો છે, તેનું મુખ્ય કારણ ૫૦૦ ચોરસ ફૂટ સુધીના રહેણાંક મિલકતો માટે પ્રોપર્ટી ટેક્સમાં છૂટની સાથે જ ૨૦૧૫-૧૫થી પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવામાં આવ્યો હતો.

પાલિકાના જણાવ્યા મુજબ ૩૦ ડિસેમ્બરના એક જ દિવસમાં ૧૭૩.૫૯ કરોડ રૂપિયા તો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના ૨૬૦ કરોડ ૨૮ લાખ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ નાગરિકોએ ભર્યો હતો, જેમાં ફક્ત ડિસેમ્બર મહિનામાં જ પાલિકા ૫૦૧ કરોડ સાત લાખ રૂપિયાનો વિક્રમી ટેક્સ વસૂલ કરવામાં સફળ રહી છે.■

# આગ્રીપાડામાં ૧.૯૧ કરોડના દાગીનાની લૂંટનો સૂત્રધાર મધ્ય પ્રદેશના ખેતરમાંથી પકડાયો

મુંબઈ: દક્ષિણ મુંબઈના આગ્રીપાડા વિસ્તારમાં ભરબપોરે ઝવેરીની દુકાનમાં પિસ્તોલની ધાકે ૧.૯૧ કરોડનાં ઘરેણાંની લૂંટમાં સંડોવાયેલા મુખ્ય આરોપીને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની ટીમે મધ્ય પ્રદેશથી પકડી પાડ્યો હતો.

મધ્ય પ્રદેશના નિવાડી જિલ્લામાંથી બુધવારે રાતે પકડાયેલા આરોપીની ઓળખ વિનોદ લખન પાલ તરીકે થઇ હતી.

આ કેસની તપાસ દરમિયાન ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓને મુખ્ય આરોપી વિશે કેટલીક મહત્ત્વની કડી મળી હતી. આથી પોલીસની ટીમ મધ્ય પ્રદેશ પહોંચી હતી અને નિવાડી જિલ્લામાં ખેતરમાં રાતે રેઇડ પાડીને આરોપી વિનોદ પાલને તાબામાં લીધો હતો. પાલને બાદમાં વધુ તપાસ માટે મુંબઈ લાવવામાં આવ્યો હતો.ઉત્તર પ્રદેશના રહેવાસી વિનાદ પાલે તેના સાથીદાર સાથે મળીને ૨૯ ડિસેમ્બરે આગ્રીપાડા સ્થિત સાત રસ્તા ખાતે ઝવેરીની દુકાનમાં લૂંટ ચલાવી હતી. તેઓ ગ્રાહકના સ્વાંગમાં દુકાનમાં ગયા હતા અને પિસ્તોલ તથા ચાકુની ધાકે ઝવેરી ભંવરલાલ જૈન તેમ જ તેના કર્મચારી પુરણકુમારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આરોપીઓએ બાદમાં બંનેનેના હાથ-પગ બાંધી તેમની મારપીટ કરી હતી. પછી દુકાનમાંના ઘરેણાં લૂંટી તેઓ ફરાર થઇ ગયા હતા.

આ ઘટના બાદ ઝવેરીએ આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસની સમાંતર તપાસ ક્રાઇમ બ્રાન્ચ પણ કરી રહી હતી અને આરોપીને પકડવા પાંચ ટીમ તૈયાર કરાઇ હતી.

પોલીસ ટીમે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ આરોપી પાલને મધ્યમાં ટ્રેસ કર્યો હતો. ■

# પરેલમાં સ્કૂટર સ્લીપ થતાં ટેમ્પો નીચે કચડાઈને બે વર્ષની બાળકીનું મૃત્યુ

મુંબઈ: પરેલમાં સ્કૂટર સ્લીપ થતાં રસ્તા પર પટકાયેલી બે વર્ષની બાળકી પર ટેમ્પો ફરી વળતાં તેનું મૃત્યુ થયું હતું, જ્યારે તેનાં માતા-પિતાને ગંભીર ઇજા પહોંચી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ પરેલ વિસ્તારના ડો. આંબેડકર રોડ બુધવારે સવારે ૧૦.૩૦ સવારે આ અકસ્માત થયો હતો.

ઘાટકોપર વિસ્તારમાં રહેતો મનોજ શાંતારામ પવાર (૩૨) બુધવારે નવા વર્ષની રજા હોવાથી પત્ની વિદ્યા અને બે વર્ષની પુત્રી શ્રવી સાથે ભાયખલામાં જિજામાતા ઉદ્યાન જવા માટે સ્કૂટર પર નીકળ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તેઓ સ્કૂટર પર પરેલના ડો. આંબેડકર રોડ પરથી જઇ રહ્યા હતા, જ્યાં રસ્તાનું સમારકામ ચાલી રહ્યું હતું, ત્યારે અચાનક સ્કૂટર સ્લીપ થતાં ત્રણેય જણ રસ્તા પર પટકાયા હતા અને પાછળથી આવી રહેલા ટેમ્પોએ ત્રણેયને અડફેટમાં લીધાં હતાં.

આ અકસ્માતમાં ત્રણેયને ગંભીર ઇજા પહોંચી હતી અને તેમને સારવાર માટે તાત્કાલિક પાલિકા સંચાલિત કેઇએમ હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યાં શ્રવીને મૃત જાહેર કરાઇ હતી. મનોજ પવાર અને તેની પત્નીની હાલ સારવાર ચાલી રહી છે.

ભોઇવાડા પોલીસે આ પ્રકરણે ટેમ્પોચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જે અકસ્માત બાદ ત્યાંથી ફરાર થઇ ગયો હતો. (પીટીઆઇ) ■

# કાંદિવલીમાં લોન રિકવરી એજન્ટથી કંટાળીને યુવાને જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંદિવલીમાં ટ્રાન્સપોર્ટનો નાનો વ્યવસાય ધરાવતા યુવાને ફાઈનાન્શિયલ કંપનીના લોન રિકવરી એજન્ટ દ્વારા અપાતા કથિત ત્રાસથી કંટાળી જીવન ટૂંકાવ્યું હતું.

કુરાર પોલીસના જણાવ્યા મુજબ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢનો વતની સૂરજ જયસ્વાલ (૨૭) કાંદિવલી પૂર્વના ગોકુળ નગરમાં રહેતો હતો. મંગળવારે તેણે ઘરમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ પ્રકરણે જયસ્વાલના ભાઈની ફરિયાદને આધારે લોન રિકવરી એજન્ટ વિજય ઓહળ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદમાં જયસ્વાલના મોટા ભાઈ સુનીલે જણાવ્યું હતું કે સૂરજે લોન પર ત્રણ કમર્શિયલ વાહન ખરીદ્યાં હતાં. જોકે આર્થિક તાણને પગલે તે લોનના હપ્તા ચૂકવી શકતો નહોતો, જેને કારણે ગયા વર્ષના નવેમ્બરમાં ઓહળ તેને વારંવાર કૉલ કરી ત્રાસ આપતો હતો.

લોન માટે સુનીલ ગૅરેન્ટર તરીકે રહ્યો હોવાથી ઓહળ તેને પણ ફોન કરતો હતો.

આખરે ૩૧ ડિસેમ્બરે ઓહળ સૂરજ પાસેથી વાહનના દસ્તાવેજો લઈ ગયો હતો. કંટાળી ગયેલા સૂરજે એ જ રાતે આપઘાત કર્યો હતો. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. ■

# થાણે જેલમાં સેન્ડલમાં છુપાવેલા મોબાઈલ સાથે કેદી પકડાયો

થાણે: થાણે સેન્ટ્રલ જેલમાં કાચાકામના કેદી પાસેથી મોબાઇલ મળી આવ્યો હતો, જે તેણે તેના સેન્ડલમાં છુપાવ્યો હતો.જેલનો સિપાહી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ નવા જેલ વિભાગની બૅરેક નંબર-૩માં નિરીક્ષણ કરી રહ્યો હતો ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. અહીં લગભગ ૨૦૦ કેદીને રાખવામાં આવ્યા છે, એમ થાણે નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

સિપાહીને ત્યાં કેદી હેમંત પારસમલ સેઠિયા (૩૮)નું એક સેન્ડલ જેમીન પર પડેલું મળી આવ્યું હતું, જ્યારે બીજું સેન્ડલ ગાયબ હતું. શોધખોળ ચલાવ્યા બાદ બૅરેકમાં થોડા અંતરે બીજું સેન્ડલ પડેલું મળ્યું હતું, જે વજનમાં અસાધારણપણે ભારે હતું.એ સેન્ડલની તપાસ કરવામાં આવતાં તેમાં છુપાવાયેલો મોબાઇલ મળી આવ્યો હતો, જેની સ્ક્રીન તૂટેલી હતું. મોબાઇલ પર અમુક નિશાન હતા, જે દર્શાવે છે કે તે કેદીનો છે. (પીટીઆઇ)■

મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકાર - દરેકેદરેક ક્ષેત્રે પ્રગતિ સહ વિકાસના નવા શિખરો સર કરો એજ શુભેચ્છા
ઐતિહાસિક વિજય બદલ અભિનંદન - અભિવાદન

માનનીય મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્રજી ફડવણીસ સાહેબ સાથે આનંદની પળોમાં શ્રી નલિનભાઈ શાહ
માનનીય ઉપ મુખ્ય પ્રધાન શ્રી એકનાથજી શીંદે સાહેબ સાથે ડેવેલપમેન્ટની ચર્ચા કરતાં શ્રી નલિનભાઈ શાહ
માનનીય ઉપ મુખ્ય પ્રધાન શ્રી અજીતદાદા પવારજી સાહેબ સાથે વાર્તાલાપ કરતા શ્રી નલિનભાઈ શાહ
ઉપરોક્ત ત્રણેય મહાનુભાવો સાથે ઘરોબો સંબંધ ધરાવનારા શ્રી નલિનભાઈ શાહ ઉપરોક્ત ત્રણેય તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે.
SHAH GROUP® SEAL OF TRUST
નલિન શાહ : ચેરમેન : શાહ ગ્રુપ બિલ્ડર્સ લીમીટેડ
✆ 93218 03000 / 98216 81717
ઓફીસ : ૩૨૩-૩૨૯, એરેન્જા કોર્નર, સેક્ટર-૧૭, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૫ | info@shahgroup.co.in




**સૂરતાલ:** સામાન્યપણે અપરાધીઓને પોતાના તાલ પર નચાવતા પોલીસોના બૅન્ડે ગઈ કાલે પોલીસ સ્થાપના દિન નિમિત્તે સીએસએમટીમાં પર્ફોર્મ કર્યું હતું અને તેમના સૂરીલા સંગીત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. (અમય ખરાડે)

# મંત્રાલયમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે એઆઈનો ઉપયોગ કરો: મુખ્ય પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે અધિકારીઓને દક્ષિણ મુંબઈમાં આવેલા રાજ્ય સચિવાલય, મંત્રાલયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરીને સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાનો નિર્દેશ આપ્યો.

તેમણે મંત્રાલયના પ્રવેશ દ્વાર પર સુરક્ષા તપાસ માટે એક મજબૂત યંત્રણા બનાવવા પણ કહ્યું હતું.

ફડણવીસે મંત્રાલય ખાતે ગૃહ વિભાગ અને પોલીસ દળના વરિષ્ઠ અધિકારીઓની બેઠક દરમિયાન આ અને અન્ય સૂચનાઓ આપી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રાજ્ય વહીવટી મુખ્યાલયમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

મુખ્ય પ્રધાને અધિકારીઓને પ્રવેશ દ્વારથી જ એક મજબૂત યંત્રણા વિકસાવીને મંત્રાલયમાં સુરક્ષા મજબૂત કરવા માટે એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું.

સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ નિયમિતપણે સત્તાવાર કામ માટે મંત્રાલયથી વિધાન ભવન (નજીકમાં સ્થિત વિધાનસભા સંકુલ) જાય છે.

વિધાનસભા સત્ર દરમિયાન, આ બંને સ્થળોએ મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. આને ધ્યાનમાં રાખીને, ફડણવીસે તેમને ખાસ પાસ જારી કરવાની હાકલ કરી હતી, અધિકારીએ જણાવ્યું હતું.

મંત્રાલય અને વિધાન ભવન વચ્ચે અંડરપાસ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. મુખ્ય પ્રધાને સૂચના આપી હતી કે સરકારી અધિકારીઓ માટે વિધાન ભવન આવતા હોય ત્યારે અંડરપાસ ખુલ્લો મૂકવામાં આવે. ■

garvi gurjari®
Gujarat State Handloom & Handicrafts Development Corporation Ltd.
(A Government of Gujarat Undertaking)
હેન્ડલૂમ્સ અને હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન અને વેચાણ
તારીખ : 01-01-2025 થી 10-01-2025
સમય : સવારે 11:00 થી 9:00 વાગ્યા સુધી
કારીગરોને સશક્ત બનાવતી હસ્તકલા સમૃદ્ધ કરવી
લખમશી નપ્પુ હોલ
311, ચંદાવરકર રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ - 400019.
Shop online : garvigurjari.gujarat.gov.in

# નવી મુંબઈના પોલીસને દોડતી ટ્રેનની સામે ધકેલી દીધો

મુંબઈ: નવી મુંબઈમાં રેલવે પોલીસના હેડ કોન્સ્ટેબલનું બે અજાણ્યા શખસે ગળું દબાવ્યા બાદ તેને દોડતી ટ્રેન સામે ધકેલને મારી નાખ્યો હોવાની અત્યંત હચમચાવનારી ઘટના સામે હતી. મોટરમેને આપેલી માહિતી પરથી પોલીસ હવે બંને હત્યારાની શોધ ચલાવી રહી છે.

બુધવારે સવારે બનેલી આ ઘટનામાં મૃત્યુ પામેલા હેડ કોન્સ્ટેબલની ઓળખ વિજય રમેશ ચવાણ (૪૦) તરીકે થઇ હતી, જે પનવેલ ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)માં કાર્યરત હતો. ચવાણ જળગાંવનો વતની હતો અને નવી મુંબઈમાં રહેતો હતો.

ચવાણને દોડતી ટ્રેન સામે ધકેલીને ક્રૂર હત્યા કરવામાં આવી હતી. પોસ્ટમોર્ટમમાં ચવાણનું ગળું દબાવ્યું હોવાના નિશાન મળી આવ્યાં હતાં. ઉપરાંત તેને ટ્રેન સામે ધકેલી દેવાતાં તેના માથામાં પણ ઇજાઓ થઇ હતી, એમ જીઆરપીના અધિકારીએ જણાવ્યું હતું.ટ્રેનના મોટરમેને પોલીસને આપેલી માહિતી અનુસાર બુધવારે સવારે ૫.૨૫ અને ૫.૩૨ વચ્ચે સફેદ શર્ટ પહેરેલા બે અજાણ્યા શખસે રબાળે અને ઘનસોલી રેલવે સ્ટેશન વચ્ચે ચવાણને દોડતી ટ્રેન સામે ધકેલી દીધો હતો. ■

# ગોવિંદ પાનસરેના હત્યા કેસની તપાસ પર દેખરેખની જરૂર નથી: અદાલત

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે ગોવિંદ પાનસરેની હત્યાની કોર્ટની દેખરેખ હેઠળની તપાસ પર નજર રાખવાનું બંધ કરતાં કહ્યું હતું કે તપાસ પર હવે દેખરેખ રાખવાની જરૂર નથી. નીચલી અદાલતને ટ્રાયલ ઝડપી કરવાનો નિર્દેશ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ કોલ્હાપુરમાં મોર્નિંગ વોક દરમિયાન અજ્ઞાત હુમલાખોરો દ્વારા ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઈ)ના નેતા અને કાર્યકર પાનસરે અને તેની પત્નીને ગોળી મારવામાં આવી હતી. પત્ની બચી ગઇ હતી. હાઈ કોર્ટ આ કેસને ત્રીજી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્રની સીઆઈડીની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ) પાસેથી એન્ટિ ટેરરીઝમ સ્ક્વોડ (એટીએસ)ને મૃત્યુની તપાસ ટ્રાન્સફર કરી હતી. ■

સૌથી મોટો આંતરરાષ્ટ્રીય કન્ઝ્યુમર એક્સ્પો
Hurry Don't Miss
Entry by Ticket Rs.50
UPTO 70% OFF
iicf™
INDIA INTERNATIONAL CONSUMER FAIR
www.iicfexhibitions.in
FULLY A/C
Electronic Partner: vijay sales®
50,000 Sq. Ft. Area of Electronics / Appliances
4 Days Left
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, MMRDA ગ્રાઉન્ડ, એશિયન હાર્ટ હોસ્પિટલ પાસે, BKC, બાંદ્રા
દૈનિક સમય: શનિ. રવિ. અને રજાઓ સ. ૧૧ ક. થી રા. ૯.૩૦ ક. સુધી.
અઠવાડિયાના દિવસો: બ. ૧ ક.થી રા. ૯.૩૦ ક. સુધી.
૩જી ૪થી ૫મી ૬ઠ્ઠી જાન્યુ. છેલ્લા ૪ દિવસ
પ્રવેશ નિઃશુલ્ક: આ પેપર એડ લાવો અને ૩જી જાન્યુઆરીના ૧ વ્યક્તિની એન્ટ્રી ફ્રી મેળવો.
આંતરરાષ્ટ્રીય સ્ટોલ : થાઈલેન્ડ, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, તુર્કી
AN EXPO ON ઈલેક્ટ્રોનિક્સ, ઉપકરણો, I.T., ફર્નિચર્સ, ફર્નિશિંગ અને ઈન્ટિરિયર્સ, ડ્રેસ મટિરિઅલ્સ, હોમ ટેકસ ટાઈલ્સ, હેલ્થ એન્ડ બ્યુટી, હેન્ડિક્રાફ્ટ્સ, આયુર્વેદિક દવા, ઓટોમોબાઈલ્સ, ફૂટ વેર્સ, બેડશીટ બેડકવર, આર્ટિફિશિઅલ જ્વેલેરી, કિડ્સ બુક અને ટોયઝ, ફૂડ કોર્ટ અને ઘણું બધું.....
- અદ્ભુત ઓફર્સ અને મફત ભેટ @ વિજય સેલ્સ ઈલેક્ટ્રોનિક્સ*
- ૫૦% સુધીની છૂટ મેળવો @ એન્ટિક ફર્નિચર*
- ફ્લેટ ૪૦% છૂટ @ રોટ આર્યન ફર્નિચર*
- USHA સ્પિંગ મશીન ખરીદો અને મફત ભેટ મેળવો*
- ૬૦% સુધીની છૂટ મેળવો @ શુદ્ધ લાકડાના ફર્નિચર*
- ૫૦% સુધીની છૂટ @ ઈન્ટિરિયર પેલેસ*
- ૭૦% સુધીની છૂટ મેળવો @ ઈન્ટિરિયર વુડ ફર્નિચર્સ*
- ૬૦% સુધીની છૂટ મેળવો @ કોઝી ફર્નિચર*
જલદી કરો મર્યાદિત સ્ટોક
૭૦% સુધીની છૂટ મેળવો તમામ ઉત્પાદનો પર
9356868712
વિશ્વસ્તરનો પારિવારિક શોપિંગ અનુભવ

# અફેરની શંકા પરથી છોકરીના પિતા અને ભાઈઓએ હુમલો કરતાં સગીરનું મોત

પુણે: પ્રેમપ્રકરણની શંકા પરથી છોકરીના પિતા અને બે ભાઈએ બેરહેમીથી હુમલો કરતાં ૧૭ વર્ષના સગીરનું મૃત્યુ થયું હોવાની ઘટના પુણેમાં બની હતી. પોલીસે છોકરીના પિતા સહિત ત્રણ જણની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વાઘોલી વિસ્તારમાં બુધવારની મધરાતે ગણેશ તાંડે (૧૭)ને માર મારવામાં આવ્યો હતો. આ ઘટનામાં ગંભીર ઇજાને કારણે તાંડેનું મૃત્યુ થયું હતું.

લક્ષ્મણ પાટેકરની પુત્રી સાથે તાંડેની મિત્રતા હતી. તેમની વચ્ચે રોજ વાતચીત પણ થતી. પાટેકર પરિવારે આ મિત્રતાનો વિરોધ કર્યો હતો. આખરે તેની હત્યાની યોજના બનાવાઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. બુધવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ તાંડે મિત્રો સાથે આંટો મારવા નીકળ્યો હતો. રસ્તામાં લક્ષ્મણ અને તેના બે પુત્ર નીતિન તથા સુધીરે તેને રોક્યો હતો. બાદમાં લોખંડના સળિયા અને પથ્થરો વડે હુમલો કરતાં તાંડેએ જીવ ગુમાવ્યો હતો. આ પ્રકરણે પોલીસે હત્યાનો ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

# કોસ્ટલ રોડ પર બે ફાયર સ્ટેશન અને ૭૦ સ્થળોએ સ્પીડ કેમેરા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ માટે સંપાદન કરેલી જમીન પર બે ફાયરબ્રિગેડ સ્ટેશન બનાવવાની મુંબઈ મહાનગરપાલિકાની યોજના છે. કોસ્ટલ રોડ પર બે ફાયરબ્રિગેડના સ્ટેશન ઊભા થયા તો શહેરની સાથે જ ઉપનગરમાં કટોકટીના સમયમાં ફાયરબ્રિગેડ ઝડપથી ઘટનાસ્થળે પહોંચી શકશે એવો દાવો ફાયરબ્રિગેડ દ્વારા કરવામાં આવ્યો છે. એ સિવાય પાલિકા એક મેઈન્ટેન્સ કૉન્ટ્રેક્ટરની પણ નિમણૂક કરવાની છે, જે કોસ્ટલ રોડ પર ઝડપથી વાહનો ચલાવનારા પર નજર રાખવા માટે પેટ્રોલિંગ કરવાની સાથે જ ટોઈંગ વાન ગોઠવશે.

મરીન ડ્રાઈવ પર પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી બાન્દ્રા-વરલી સી લિંક સુધીનો ૧૦.૫૮ કિલોમીટરના કોસ્ટલ રોડને કારણે મોટરચાલકોના સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ૪૦થી ૪૫ મિનિટનું અંતર હવે માત્ર ૧૦ મિનિટમાં પાર કરી શકાય છે. આ પ્રોજેક્ટમાં હાજી અલી, પેડર રોડ (અમરસન્સ ગાર્ડન) અને વરલી સી ફેસ જેવા મુખ્ય સ્થળોએ મલ્ટિ-લેવલ ઈન્ટરચેન્જનો સમાવેશ થાય છે. કોસ્ટલ રોડનો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે મુંબઈ ફાયરબ્રિગેડે હવે કોસ્ટલ રોડ માટે સંપાદન કરેલી ૯૦ હેક્ટરની જમીન પર બે ફાયર બ્રિગેડ સ્ટેશન બનાવવાનો પ્રસ્તાવ રાખ્યો છે. આ જગ્યાનો ઉપયોગ કોસ્ટલ રોડ પર બગીચા અને પાર્કિંગ પ્લોટ બનાવવા માટે કરવામાં આવવાનો છે.



પાલિકાના સૂત્રોના જણાવ્યા મુજબ ફાયરબ્રિગેડ તરફથી પાલિકા પ્રશાસન તરફ પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે, જેમાં તેમણે કોસ્ટલ રોડ માટે સંપાદન કરેલી જગ્યા પર બે ફાયરબ્રિગેડ સ્ટેશન ઊભા કરવાની મંજૂરી આપવાની માગણી કરી છે. આ પ્રસ્તાવ જોકે હજી પ્રારંભિક તબક્કામાં છે, કારણકે આ કામ માટે અનેક મંજૂરીઓ મેળવવાની છે. છતાં સંપાદન કરેલી જગ્યા પર ચોક્કસ સ્થળે ફાયરસ્ટેશન બનાવવા જગ્યા શોધવાનું કામ ચાલી રહ્યું છે. કોસ્ટલ રોડ પર ઊપરાઉપરી વાહનોમાં આગ લાગવાના બનાવો જે રીતે વધી રહ્યા છે, તેને જોતા ભવિષ્યમાં ફાયર સ્ટેશન હોવું ફાયદાકારક રહેશે. આ દરમિયાન થોડા સમય અગાઉ જ સુધરાઈને બ્રીચ કેન્ડી અને નેપિયન સી રોડના રહેવાસીઓ પાસેથી કોસ્ટલ રોડ નજીક રહેતા લોકો પાસેથી ફરિયાદ આવી હતી કે રાતના સમયમાં કાર અને મોટરસાઈકલ દ્વારા રેસિંગ લગાવવામાં આવતી હોય છે અને તેને કારણે નોઈઝ પોલ્યુશન થતું હોય છે. તેથી તેના જવાબમાં પાલિકાએ મેઈન્ટેન્સ કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરવા માટે ટેન્ડર બહાર પાડવાની છે. પાલિકાના અધિકારીના કહેવા મુજબ કોસ્ટલ રોડ પર ટૂ-વ્હીલર્સ પર પ્રતિબંધ છે, છતાં રાતના સમયે રેસિંગ તો થાય છે પણ ફૂડ ડિલીવરી કરનારી કંપનીઓની બાઈક પણ ઝડપથી ઓર્ડર પહોંચતો કરવા માટો કોસ્ટલ રોડનો ઉપયોગ કરે છે. તેથી આ કૉન્ટ્રેક્ટર પેટ્રોલિંગ અને ટોઈંગવાન તહેનાત કરવાના કામ માટે જવાબદાર રહેશે.

મુંબઈ મહાનગરપાલિકાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ કોસ્ટલ રોડનું કામ લગભગ પૂરું થઈ ગયું છે. નાના-મોટા થોડા કામ બાકી છે અને હવે આખો કોસ્ટલ રોડ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. આ દરમિયાન કોસ્ટલ રોડ પર ૭૦ સ્પીડ ડિટેક્શન કેમેરા બેસાડવાના પ્રસ્તાવને હજી સુધી પાલિકા પ્રશાસન પાસેથી મંજૂરી મળી નથી. તેથી કેમેરા બેસાડવાનું કામ મે, ૨૦૨૫ સુધીમાં પૂરું થાય એવી શક્યતા છે. નવી સિસ્ટમનો હેતુ ઓવર સ્પીડિંગને નિયંત્રણમાં રાખવાનો તથા ટ્રાફિક પોલીસ નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કાર્યવાહી કરી શકે તે રહેશે. ■

### કલ્યાણ રેપ-મર્ડર કેસ

# આરોપી દંપતીની પોલીસ કસ્ટડીમાં વધારો કરાયો

થાણેઃ મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં અદાલતે કલ્યાણમાં ૧૨ વર્ષની બાળકીના કથિત અપહરણ, બળાત્કાર અને હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવેલા દંપતીની પોલીસ કસ્ટડીમાં ગુરુવારે બે દિવસનો વધારો કર્યો છે. મુખ્ય આરોપી વિશાલ ગવળી અને તેની પત્ની સાક્ષીને તેમની પોલીસ કસ્ટડીના અંતે ડિસ્ટ્રિક્ટ જજ અને એડિશનલ સેશન્સ જજ વી એ પત્રાવલી સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. વિશાલ ગવળીએ ૨૩ ડિસેમ્બરે બપોરે કલ્યાણના ચક્કી નાકા વિસ્તારમાં પત્નીની મદદથી બાળકીનું અપહરણ કર્યું હતું. એ સમયે બાળકી તેના ઘરની બહાર રમી રહી હતી. બાદમાં તેણે સગીરા પર બળાત્કાર ગુજારી તેની હત્યા કરી હતી. ત્યારબાદ દંપતી મૃતદેહને રિક્ષામાં કલ્યાણ-પડઘા રોડ પર આવેલા બાપગાંવ લઈ જઈ ત્યાં જ ફેંકી દીધું હતું, એમ પોલીસે જણાવ્યું છે. પીડિતાનો મૃતદેહ ૨૪ ડિસેમ્બરે મળી આવ્યો હતો અને તે જ રાત્રે સાક્ષી ગવળીની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

**દશા ખડાયતા**

શિરીષ નટવરલાલ શાહ અને સ્વ. પલ્લવી શાહના પુત્ર **નિર્ઝર શાહ** ઉંમર વર્ષ ૪૮, તે હેતલના પતિ. તે વિધિ અને અનન્યાના પિતા. તે શાશ્વતના ભાઈ. તે હંસાબેન અને પ્રદીપભાઈ કૃષ્ણકાંત જરીવાલાના જમાઈ તા. ૦૧.૦૧.૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૦૩.૦૧.૨૫ ના રોજ સન્યાસ આશ્રમ હોલ, વિલેપાર્લે (પ.)માં ૫ થી ૭ દરમિયાન રાખવામાં આવેલ છે.

# ઉત્તન-વિરાર સી લિંકનો પ્લાન અંતિમ તબક્કામાં

**▶ દરિયાઈ પુલની સવિસ્તર યોજના ૧૫ દિવસમાં સરકારને મંજૂરી માટે મોકલાવાશે**

મુંબઈઃ એમએમઆરડીએ ઉત્તન, ભાઈંદરથી વિરાર વચ્ચે પંચાવન કિ.મી. લંબાઈનો સી લિંક બાંધવાનો નિર્ણય લીધો હોઇ આ પ્રોજેક્ટ માટેના સવિસ્તર પ્રોજેક્ટ પ્લાનનું કામ અંતિમ તબક્કામાં છે. આ કામ નજીકના સમયમાં જ પૂરું થવાનું હોઇ ૧૫ દિવસમાં એ યોજનાને મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

મુંબઈની ટ્રાફિક સમસ્યાને ઉકેલવા માટે અને વધુ ઝડપી પ્રવાસ માટે સી લિંક અને સમુદ્રકિનારા માર્ગ બાંધવામાં આવી રહ્યો છે. આ સી લિંકને વર્સોવા-વિરાર અને આગળ પાલઘર એમ વિસ્તાર કરવાની જાહેરાત એમએમઆરડીએએ કરી હતી. આ માટે ઓથોરિટીએ પ્લાન તૈયાર કર્યો હતો.

જોકે પાલિકાએ વર્સોવા-દહીંસર, ભાઈંદર એમ બાવીસ કિ.મી. લંબાઈનો સમુદ્રી કિનારા માર્ગ બાંધવાનો નિર્ણય લીધો હતો અને તેની પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. આને કારણે હવે વર્સોવા-વિરાર સી લિંકની જરૂરિયાત જણાતી નથી. આથી એક જ વિસ્તારમાં બે પ્રોજેક્ટ થઇ રહ્યા હોવાથી રાજ્ય સરકારે સી લિંકના પ્રોજેક્ટમાં ફેરફાર કરવાની સૂચના કરી હતી. તે અનુસાર એમએમઆરડીએએ વર્સોવા-વિરાર સી લિંકને બદલે ઉત્તન, ભાઈંદર-વિરાર એમ સી લિંક બાંધવાનો નિર્ણય લીધો હતો અને એ અંગેનો પ્રસ્તાવ સરકારને મોકલાવ્યો હતો.

માર્ચ, ૨૦૨૪માં પ્રધાનમંડળની બેઠકમાં તેને માન્યતા આપવામાં આવી હતી. મંજૂરી મળ્યા બાદ એમએમઆરડીએએ ઉત્તન-વિરાર વચ્ચે પંચાવન કિ.મી. લંબાઈનો અને ૨૪ કિ.મી. લંબાઈના સી લિંક સવિસ્તાર પ્રોજેક્ટ પ્લાનનું કામ હવે અંતિમ તબક્કામાં હોવાની માહિતી અધિકારીએ આપી હતી. પ્લાન આગામી ૧૦ દિવસમાં પૂરો થશે. ત્યાર બાદ આ પ્લાન મંજૂરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવશે. ■

**કાળ ધર્મ પ્રાપ્તિ**

||ૐ હ્રીં શ્રી આદિનાથાય નમઃ||



શાંત, દહંત, મહંત, ત્યાગી વૈરાગી પંચ મહાવ્રત પાલનહાર, છકાય જીવોના રક્ષક, ચંદ્ર જેવા શીતલ, સુર્ય જેવા તેજસ્વી ઓજસ્વી, પ.પૂ. શ્રી ગુરુ સુનયજ્ઞાશ્રીજી મહારાજ સાહેબને ૧૦૦૮ વાર કોટી કોટી વંદન હોજો... મથ્થએણ વંદામી...

પ. પૂ. ગુરુદેવ તપાગચ્છાધીપતી આચાર્યદેવ શ્રીમદ વિજય ભક્તિ સુરીશ્વરજી મ.સા.

તથા તેમના શિષ્ય પ.પૂ. ગુરુદેવ આચાર્ય

પ.પૂ. શ્રી પ્રેમસુરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના

પ.પૂ. સાધ્વીજી શ્રી જયશ્રીજી મહારાજ સાહેબ તથા પ.પૂ. લાવણશ્રીજી મહારાજ

સાહેબના શિષ્ય પ. પૂ. ગુરૂ સુનયજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ આચાર્યદેવ ભક્તિસુરીશ્વરજી મહારાજ સાહેબના

હાથે ૧૭મા વર્ષે દીક્ષા ગ્રહણ કરેલ અને રજોહરણ લીધેલ...

માતા-પિતા શાંતાબેન રૂગનાથ સંઘવીના સુપુત્રી સંસારી નામ સવિતાબેન ભાણવડ નિવાસી, હાલ હજારી ભવન, પાલીતાણા ઉપાશ્રયમાં બિરાજતા શ્રી પ. પૂ. સુનયજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ સંવત ૨૦૮૧ માગસર વદ અમાસ, (ઉંમર વર્ષ ૮૭, દિક્ષા પર્યાયઃ ૭૦ વર્ષ) તેઓએ ઉગ્ર તપસ્યાઓ કરેલ છે.

સ્વધના આરાધના એમના જીવનનો મંત્ર હતો...

પ.પૂ. ગુરુ સુનયજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ હાથમાં, સાથિયા, સિદ્ધશિલા, ઘંટ વગાડવાની ઘંટ, સ્થાપનાજી વગેરે ચિન્હ હતા... અતિગૌરવ લેવા જેવુ હતું...

સંસારી જયાબેન, હીરાબેન, ભાઈ શાંતિભાઈ સંઘવી, ધીરજબેન, વનીતાબેન અને વાસંતીબેનના બહેન થાય.

પ.પૂ. ગુરૂ સુનયજ્ઞાશ્રીજી મહારાજ સાહેબ ને માતા-પિતાના ઉપદેશથી ધર્મના સંસ્કાર મળેલ હતાં... ગુરુમૈયા તમે જિનશાસનના ખરાં અનુરાગી...

ચારિત્ર ની પવિત્ર મૂર્તિ, સંયમ માં સ્ફૂર્તિ, વહેતી રગ રગ માં જેની બ્રહ્મ માં શુદ્ધિ... કરુણાસાગર, પ્રભુવીર નાં વારસ, શાસન સેવક હતાં સવાયા... વૈરાગ્ય થી નીતરતી વાણી આપની, કરતાં હતાં સર્વ હિતની લહાણી... ગુરુવર્યા, ભવોભવ મળતાં તમારાં રહેશે દિવ્યઆશિષ...

# નવી મુંબઈના ફ્લૅટમાં વૃદ્ધ માતા-પુત્રના મૃતદેહ મળ્યાઃ બે શખસ વિરુદ્ધ હત્યાનો કેસ

થાણેઃ નવી મુંબઈના કામોઠે પરિસરમાં એક ફ્લૅટમાંથી વૃદ્ધા અને તેના પુત્રના મૃતદેહ મળી આવ્યાના બીજે દિવસે પોલીસે બે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

કામોઠે પોલીસના જણાવ્યા મુજબ બુધવારની સાંજે ગીતા ભૂષણ જગ્ગી (૭૦) અને જિતેન્દ્ર (૪૫)ના મૃતદેહ કામોઠે સેક્ટર-૬ની ડીમ હાઉસિંગ સોસાયટીમાં આવેલા તેમના ફ્લૅટમાંથી મળી આવ્યા હતા. પોલીસે શરૂઆતમાં એડીઆર નોંધી બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી આપ્યા હતા.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બે અજાણ્યા શખસ જિતેન્દ્ર સાથે સોસાયટીમાં આવ્યા હતા. બન્ને જણે ભારે વસ્તુથી માતા-પુત્ર પર હુમલો કર્યો હતો, જેમાં માતા-પુત્રનાં મોત નીપજ્યાં હતાં.

ગીતા જગ્ગીના સગાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે બે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૧ અને ૩(૫) હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

પોલીસે અગાઉ જણાવ્યું હતું કે અમુક સગાંસંબંધી વૃદ્ધાને મળવા બુધવારની સાંજે કામોઠે આવ્યાં હતાં. જગ્ગીના ફ્લૅટનો દરવાજો અંદરથી લૉક હતો. વારંવાર ખટખટાવ્યા છતાં કોઈએ દરવાજો ખોલ્યો નહોતો અને અંદરથી કોઈ પ્રત્યુત્તર પણ મળ્યો નહોતો. શંકાને પગલે પોલીસને જાણ કરાઈ હતી. પોલીસ અને ફાયર બ્રિગેડે દરવાજો તોડતાં ફ્લૅટમાંથી મૃતદેહ મળ્યા હતા. પોલીસ પહોંચી ત્યારે આખા ફ્લૅટમાં રાંધણ ગૅસ ફેલાયેલો હોવાનું જણાયું હતું. (પીટીઆઈ)■

પ્રેમાળ યાદમાં



**હસમુખ ન. ઝવેરી**

૧૯ જૂન ૧૯૩૯ - ૩૧ ડિસેમ્બર ૨૦૨૪

પગલા માંડુ હું આકાશમાં, નીચે હરિવરનો હાથ

**પ્રાર્થના સભાઃ શુક્રવાર ૩ જાન્યુઆરી ૨૦૨૫ સાંજે ૫.૦૦ થી ૭.૦૦**

એફપીએચ બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજી અલી, મુંબઇ-૩૪.

શોકાતુર

**ધર્મપત્ની :** હંસાબેન

**પુત્ર-પુત્રવધુ :** મયંક, હસિત - ફાલ્ગુની **પુત્રી :** મીતા તુષીત શાહ

**પૌત્ર-પૌત્રી :** ઈશા - ઈશાન, આશના, જશ

**ભાઈ-બહેન :** જયેન્દ્ર - કોકિલા, ભરત - છાયા, જ્યોત્સના - સ્વ. જીતેન્દ્ર, કુમુદ - સમીર

**અને સમસ્ત ઝવેરી પરિવાર.**

Rolex LANOLIN PRODUCTS LIMITED

# ૧.૬૧ કરોડનું ડ્રગ્સ, કોડિનવાળી કફ સિરપની ૯૦૦ બોટલો જપ્તઃ ચાર પકડાયા

મુંબઈઃ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના એન્ટિ-નાર્કોટિક્સ સેલે (એએનસી) દેવનાર, કુર્લા અને આગ્રીપાડા વિસ્તારમાંથી ૧.૬૧ કરોડ રૂપિયાનું ડ્રગ્સ અને કોડિન મિશ્રિત કફ સિરપની ૯૦૦ બોટલો જપ્ત કરી હતી. આ પ્રકરણે બે નાઇજીરિયન નાગરિક સહિત ચાર જણની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓની ઓળખ ફેથ ઇગ્નિબોસા (૨૫), મોહંમદ બાપ્ટિસ્ટા (૨૪), સંજીબ સરકાર (૪૦) અને નયુમ શેખ (૨૮) તરીકે થઇ હતી. ચારેય હાલ પોલીસ કસ્ટડીમાં છે.

એએનસીના ઘાટકોપર યુનિટનો સ્ટાફ બુધવારે દેવનાર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો ત્યારે ચોરીછૂપેથી કોડિન મિશ્રિત કફ સિરપની બોટલો વેચનારા નયુમ શેખને તેમણે તાબામાં લીધો હતો. નયુમ શેખ પાસેથી આવી ૯૦૦ બોટલો જપ્ત કરવામાં આવી હતી, જેની કિંમત ૪.૫૦ લાખ રૂપિયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

બીજી તરફ આ જ યુનિટના અધિકારીઓએ કુર્લા પૂર્વમાં પેટ્રોલિંગ દરમિયાન સંજીબ સરકાર નામના પેડલરને પકડી પાડ્યો હતો. સંજીબ પાસેથી ૧.૧૮ કરોડ રૂપિયાનું કિંમતનું કોકેઇન મળી આવ્યું હતું. આથી સંજીબ સામે ગુનો દાખલ કરાયો હતો.

દરમિયાન વરલી યુનિટની ટીમે પણ બુધવારે મળેલી માહિતીને આધારે આગ્રીપાડા વિસ્તારમાં છટકું ૪૨.૫૦ લાખ રૂપિયાની કિંમતના ૧૭૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે નાઇજીરિયનની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે એન્ટિ-નાર્કોટિક્સ સેલે ૨૦૨૪માં કુલ ૯૩ ગુના દાખલ કરી ૧૮૪ પેડલરની ધરપકડ કરી હતી, જેમની પાસેથી ૬૦૬૩ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરાયું હતું. ■

**શ્રદ્ધાંજલી**



**શ્રીમતી લાભુબેન કાંતિલાલ ડેલીવાળા**

૧૨-૦૪-૧૯૩૫ - ૩૧-૧૨-૨૦૨૪

ઉગામેડી નિવાસી હાલ મુંબઈ

**સ્વ. કાંતિલાલ જગજીવનદાસ ડેલીવાળાના ધર્મપત્ની**

પુત્ર-પુત્રવધુ : અશોક-સ્વ.અનસૂયા, ભદ્રેશ-સોનલ

દીકરી-જમાય : ઈલા-દિલીપ મહેતા, સુધા-વિશ્વેશ શાહ

પૌત્ર : જૈનમ-હિરલ, મિત-કાશમા

પૌત્રી : દીપલ-અભિજીત, દેવલ-વિનીત, જેસલ-અંકુર, પલોમી-કિન્તન, જીલ-હેત

નાતા-નાતી : હાર્દિક, ભાવેશ, માનસી, દીશીતા

તથા ડેલીવાળા સહપરિવાર

**તા. ૪-૧-૨૦૨૫, શનિવાર, સમય : સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક**

**પ્રાર્થના સભા સ્થળ : જલારામ હોલ,** એન.એસ.રોડ નં. ૬, જેવીપીડી સ્કીમ, જોગર્સ પાર્કની સામે, વિલેપાર્લા (વે), મુંબઈ - ૫૬.

# અકસ્માતનો ભોગ બનેલી વ્યક્તિના પરિવારને દોઢ કરોડ રૂપિયાનું વળતર

થાણેઃ અહીંની મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રીબ્યુનલ (એમએસીટી)એ ૨૦૨૧માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલી કંપનીના માલિકના પરિવારને દોઢ કરોડ રૂપિયાનું વળતર આપ્યું છે.

આ અકસ્માત ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ થયો હતો. એ વખતે લક્ષ્મીનારાયણ તરનીરાવ પુલકલા (તે સમયે ૩૧ વર્ષનો હતો) મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના બોઇસર તરફ તેની મોટરસાયકલ ઉપર જઇ રહ્યો હતો.

પાછળથી આવી રહેલી એક ટ્રકની મોટરસાઇકલ સાથે ટક્કર થતા લક્ષ્મીનારાયણ નીચે પટકાયો હતો અને ટ્રક તેના માથા પરથી પસાર થઇ ગઇ હતી. અરજદારોના વકીલ સચિન માનેએ ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

મૃતક મજૂર સપ્લાયર ફર્મનો માલિક હતો અને તેની વાર્ષિક આવેલ ૧૨.૯૫ લાખ રૂપિયા હતી. અરજદારો - પુરુષની પત્ની, માતા અને સગીર બાળક - એ ૨.૧૭ કરોડ રૂપિયાના વળતર માટે રજૂઆત કરી હતી. ટ્રક માલિક ટ્રિબ્યુનલ સમક્ષ હાજર ન થવાથી ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ તેની સામે એકપક્ષી આદેશ પસાર કર્યો હતો.

એમએસીટીના સભ્ય એસ.એન.શાહે ટ્રકના માલિક અને તેની વીમા કંપનીને આદેશ આપ્યો હતો કે દાવો દાખલ કર્યાની તારીખથી લઈને રકમની પ્રાપ્તિ સુધી વાર્ષિક ૮ ટકાના દરે વ્યાજ સાથે વ્યક્તિના પરિવારને ચુકવણી કરવામાં આવે. (પીટીઆઈ)■






